સ્વધર્મનું આચરણ કર્યા વગર સુખ મળતું નથી; **સ્વધર્મ** એ એક મહા તપ છે. જે નિત્ય સ્વધર્મરૂપી તપશ્ચર્યામાં વધારો કરતો જાય છે તેના દેવતાઓ પણ સેવક થઈને રહે છે.

સ્વધર્મ એટલે શું ?

કેટલાક ન્હાવું, ધોવું, તીલક કરવાં અને ચંદન લગાવવું તથા માળાઓ પહેરવી તેને જ ધર્મ માને છે. કેટલાક એ બધાનો દરકાર રાખ્યા વગર ફક્ત ઠાકોરજીની ઝાંખીનેજ ધર્મ માને છે. કેટલાક અપવાસ કરવાને ધર્મ માને છે. કેટલાક દેહ દમનને અને કેટલાક જીવ રક્ષણને ધર્મ માને છે. કેટલાક નામ સ્મર્ણને અને કેટલાક એકાન્ત વાસને ધર્મ માને છે. કેટલાક વિધવાને શિયળવૃત્તિ જોવાને અને કેટલાક વીધવાને પુર્નલગ્ન કરાવવામાં ધર્મ માને છે. કેટલાક અત્યંન્ત વિગેરે જાતોને હલકી ગણી તીરસ્કાર કરવાને અને કેટલાક તેમનો સત્કાર કરી ચડતી સ્થિતિમાં લાવવાને ધર્મ માને છે. કેટલાક સંપ્રદાય ધર્મને ધર્મ માને છે અને કેટલાક વર્ણાશ્રમ ધર્મને ધર્મ માને છે. આવી અનેક તરેહની ધર્મ સંબંધી ગુંચવણી છે ખરી; પણ અધિકાર પ્રમાણે તે સર્વે ધર્મો ખરા છે. આપણાં શાસ્ત્રોમાં જેવી રીતે ચાર વર્ણોના ધર્મ પૃથક પૃથક વર્ણવ્યા છે, તેવીજ રીતે ચાર અવસ્થાઓના ધર્મ પણ પૃથક પૃથક છે. જેવા કે,

બાલ્યાવસ્થા.	યુવાવસ્થા.	પ્રૌઢાવસ્થા.	વૃદ્ધાવસ્થા.
બ્રહ્મચર્ય.	ગૃહસ્થાશ્રમ.	વાનપ્રસ્થ.	સન્યસ્ત.
ધર્મ.	**અર્થ.**	**કામ.**	**મોક્ષ.**

આ પ્રમાણે ચારે પુરૂષાર્થો અનુક્રમે પ્રાપ્ત કરવાના છે. માટે ધર્મેચ્છુ બનવું અને નિજ જીંદગીનું સાર્થક માની શ્રીકૃષ્ણ ભગવાને કહેલા કર્મયોગનું સારી પેઠે મનન કરી અધીકારનો સદુપયોગ કરવો. કર્મયોગથી તમોગુણનો નાશ થઈ રજોગુણ અને ...ત્તિ થાય છે, કર્મયોગનો અર્થ એજ કે પોતાના અધીકારનું કામ નિયમીત ...ર, કે જેને સ્વધર્મ કહેવામાં આવે છે.

પ્રસ્તાવના.

કરતવ્ય અને બાળલગ્નનો ઇતિહાસ" નિબંધરૂપે અથ
હતોજ નહીં. એટલે તેને પ્રસ્તાવનાની પણ જરૂર હોયજ નહિ
ાં કેટલાંક કારણોના લીધે છપાવવાની ફરજ પડી. તેથી પ્રસ્તા
વના પ.   પડી.

અમારા ધોડાસર, હળદરવાસ, અને મેહેમદાવાદ, તથા કઠલાલ અને ભાનેર વિ ગામોના વીસાખડાયતાના મોટા એકડામાં યુવકમંડળની સંસ્થા સ્થાપન કરવાના હેતુ ખડાયતા મીત્રના સં. ૧૯૭૩ ના માગશરના અંકમાં જ્ઞાતી સેવાભિલાષી મોતીલાલ વિઠ્ઠલદાસે એક વિનંતીપત્ર પ્રસિદ્ધ કરાવ્યો. તેમાં એવું માંગણું છે કે, "આપણા એકડામાં ત્રણસો કરતાં વધુ ઘર હોવા છતાં જમાનાને યોગ્ય વિદ્યાવૃદ્ધિના, લગ્નની હદ ઠરાવવાના, બાળલગ્નો અને સર્વ પ્રકારનાં કજોડાં લગ્નો અટકાવવાના, તથા હરેક પ્રકારના કન્યા વિક્રયપર અંકુશ મુકવા વિગેરે જ્ઞાતી હિતને લગતા સુધારા થતા નથી. માટે યુવકમંડળ નામની સંસ્થા સ્થાપન કરવાની ખાસ અગત્ય છે. તે વિષેનો વિચાર કરવા આવતા નાતીલની રજાઓમાં અનુકુળ મુદત મુકરર કરી મેહેમદાવાદ મુકામે મળવું. એવો મારો નમ્ર અભિપ્રાય છે માટે સરવે ઉત્સાહી મુરબ્બીઓએ પોતાના વિચારો પ્રસિદ્ધ રીતે આ માસીક દ્વારા, અને ખાનગી રીતે પોષ્ટદ્વારા પત્ર લખી જણાવવા મહેરબાની કરવી."

ઉપર મુજબનું ચર્ચાપત્ર વાંચી કેટલાક ઉત્સાહી યુવકોએ બહુજ આનંદ અને ઉલ્લાસથી મોતીલાલના કામની ઘણીજ પ્રશંસા કરી ધન્યવાદ આપ્યો. અને તેઓની સમ્મતિથી મુદત ઠરાવી, અને પોશ માસના અંકમાં મોતીલાલની સહીથી આમંત્રણ પત્રીકા પ્રસિદ્ધ થઈ કે, "ધોડાસર, હળદરવાસ, અને મેહેમદાવાદ તથા કઠલાલ અને ભાનેર વિગેરે ગામોના વીશાખડાયતાના મોટા એકડાના તમામ જ્ઞાતી હિતેચ્છુઓને વિનંતી કરવામાં આવે છે કે, આપણા એકડાની ઉન્નતિ માટે એક યુવકમંડળ નામની સંસ્થા સ્થાપન કરવાની હીલચાલ ઉભી થઈ છે, તે સંબંધી ગયા અંકમાં ચર્ચાપત્ર દાખલ થયું છે તે મુજબ તેનું બંધારણ નક્કી કરવાનો દિવસ તા. ૭–૧–૧૭ રવીવારનો ઠરાવ્યો છે. તે પ્રસંગે એકડાના તમામ યુવકોએ મેમ્બરમાં દાખલ થવા, અને મોટી ઉમ્મરના મુરબ્બીઓએ પોતાના અનુભવનો લાભ આપવા મેહેમદાવાદ મુકામે પધારવા કૃપા કરવી." આ પ્રમાણેની આમંત્રણ પત્રીકાઓ દરેક ગામના ગોરો (પુરોહીતો) ઉપર પણ પોષ્ટદ્વારા મોકલવામાં આવી હતી. તે પત્રીકાઓનેજ માન્ય આપી, સરવે ગામોના હિતેચ્છુએ નિર્માણ કરેલા દિવસે મોટા ઉત્સાહ સાથે પધાર્યા હતા. તેનો હેવાલ માઘ માસના અંકમ પ્રસિદ્ધ થયો છે. અને તે પ્રસંગે થએલાં ભાષણો ફાગણ તથા ચૈત્રના અંકમાં પ્રસિ થયાં છે, તે વાંચવા ભલામણ છે.

એ રીતે સર્વના આનંદ અને ઉત્સાહ વચ્ચે "જ્ઞાતી હિતવર્ધક યુવક
નામની સંસ્થા સ્થાપન થઇ છે. અને તે સંસ્થાએ શું કાર્ય કરવું તેનો
જે કામ એકડાના આગેવાનો કરવાને વિચાર કરે, અથવા આંગ

ર્ય (દંડ કરવાનું કાર્ય) ઘોડાસર અને હળદરવાસના યુવક મંડળે કર્યું. અને તે પ્રકારે ા મોટા પંચે કબુલ કર્યું. તેથી તે યુવકોએ પોતાનો બેડો પાર થવાનું માની લીધું. ણુ આ ખબર મારા સાંભળવામાં આવી ત્યારથી મારૂં દીલ ખીન્ન થયું. અને મારા હવાસમાં આવનાર સર્વ યુવકોને કહેવા માંડયું કે યુવકમંડળનું કરતવ્ય દંડ કરવાનું એકડાનાં તડાં સાંધવાનું, અથવા માંહેમાંહેની ખટપટમાં માથું મારવાનું નથી, પણ કુદાજ પ્રકારનું છે, અને બહુ મહત્વનું છે.

જેઓ કાર્યાકાર્યનો નિર્ણય કરતા નથી, અને કરતવ્ય કર્મનો સ્વિકાર કરતા નથી, એ આગળ વધી શકતાજ નથી. આ પ્રમાણે મેં કહેવાનું શરૂ રાખ્યું ત્યારે યુવકોનું તવ્ય શું તે પુછવાનું તેઓએ પણ શરૂ રાખ્યું. તે પુછનારાઓને જવાબ દેતો કે તમારા મંડળની સભા થવાની છે. તે પ્રસંગે વિસ્તારથી કહીશ. એમ કહેતાં કહેતાં કઠલાલમાં સભા મળવાનું નકી થયું. તથા તારીખ નીમાઇ ને આમંત્રણ પત્રીકાઓ પણ લખાઇ, અને માસીકોમાં તથા વરતમાન પત્રોમાં પ્રસિદ્ધ પણ થઇ. એટલે મેં પણ “ યુવક મંડળનું કરતવ્ય અને બાળલગ્ન ” એ વિષય ઉપર બોલવાનું ભાષણ તૈયાર કરવા માંડયું, તે જેમ કોઈ કાર્ય નવું હોય તો પણ ઉમંગથી અને પ્રેમપૂર્વક કરવામાં આવે છે તો નિર્વિઘ્ને પાર ઉતરે છે તેમ મેં પણ મુદત પહેલાં તૈયાર કરી દીધું.

ભાષણ તૈયાર તો થયું પણ કઠલાલમાં બેઠક થવાની બંધ રહી. તેથી સરવે અભિલાષાઓ મંદ પડી ગઇ. છતાં પણ પ્રયત્ન જારી રાખ્યો. તેનું પરીણામ પણ શુન્ય આવ્યું. છેવટે ઘોડાસરના યુવકોને આજીજી સાથે લેખી અરજ કરી કે, “ યુવક મંડળના કરતવ્ય વિષે મારી મતી અનુસાર આપના ગામમાં જાહેર રીતે ભાષણ આપવાની ઇચ્છા છે. તે આપને માન્ય હોય તો મારે કીયા દિવસે આવવું તે લખી જણાવશો. વળી તે પ્રસંગ ઉપર હળદરવાસના યુવકોને વડીલો સાથે પધારવા લખવાની ઇચ્છા થાય તો લખશો.” આ અરજનો જવાબ મળ્યો નહીં. અને લખાપટી તથા તે સંબંધેની વાત ચીત પણ બંધ પડી ગઇ. એટલે ભાષણ માટે કરેલું ટાંચણ મારા સ્નેહી વ્યાસ ઘેહેલાભાઇ પુરૂષોત્તમભાઇ કે જેઓ વયોવૃદ્ધ છે, અને વાનપ્રસ્થ હોઇ જ્ઞાતીની ઉન્નતિ ઇચ્છનારા, તથા કેળવણી ખાતામાં બાહોશ છે, તેઓને દેખાડયું. તેઓશ્રી ઘણાજ ખુશી થયા. અને અભીપ્રાય આપ્યો કે, તમો કાંઇ પણ અન્ય પ્રયત્ન નહીં કરતાં પુસ્તક આકારે છપાવો, અથવા હું છપાવું. કારણ કે આ નિબંધ એવો સરસ છે કે તમારા યુવકો લાભ લે તો ઘણું સારૂં, અને તે સિવાય બીજી જ્ઞાતીઓમાં પણ ઘણાં યુવક મંડળો છે તે સરવેના ઉપયોગનો છે. અને અમારા મંડળને પણ ઉપયોગી છે. વિગેરે વિગેરે કહેવાથી સદરહુ ભાષણ હતું તેજ આ નિબંધ છે.

સંવત ૧૯૭૪
કૃષ્ણજયંતી.

વી. જી. શાહ.

આવો નિબંધ રચીને અમારૂં "વ્યાસ ત્રીમાસીક પત્ર" હાલમાંજ જન્મ પામેલ છે તેમાં કડકે કડકે પ્રસિદ્ધ કરાવવા મારી ઉત્કંઠા હતી. પણ આ નિબંધ મને મારા સ્નેહી શેઠ વિઠ્ઠલદાસભાઇ તરફથી અવલોકન માટે મળ્યો. તે વાંચતાં મારા સર્વે મનોર્થે અને વાંચ્છનાઓ પૂર્ણ થઇ છે. શાથી કે નિબંધની અંદર બુદ્ધિશાળી પુરૂષોના, મનને પણ વિસ્મય પમાડે એવા મનન કરવા યોગ્ય ધાર્મિક અને નૈતિક વિષયોની રચના ગર્ભિત અને માર્મિક વાકયોથી ગુંથી છે કે જો તેનો લાભ તેઓના એકડાનું યુવક મંડળ યથાર્થ રીતે લેશે તો નિશ્ચય છે કે તેઓ અમર કીર્તિનો લાભ મેળવશે. તદ ઉપરાંત બીજી જ્ઞાતિઓના યુવક મંડળો પણ આ નિબંધનો અભ્યાસ કરશે, અને બારીક રહસ્યનું ચિંતવન કરી તત્વ સાર ગ્રહણ કરશે તો તેઓ પણ પોતાનો સમાજ સુધારી શકશે એ નિરવિવાદ છે.

આ નિબંધથી હું પણ સંપૂર્ણ લાભ માનુંછું કે મારે જે સદરહુ વિષય પ્રગટ કરવાની મહેનત કરવાની હતી તે મહેનત અને વખત બચ્યો છે. એટલુંજ નહિ પણ મોટો લાભ એ થયો છે કે તે વહેલું પ્રગટ થશે. અને તેનો વહેલો લાભ મળશે. તેથી આ નિબંધ છપાવા મેં માગણી કરી. અને તેમણે મારી માગણીનો સ્વિકાર ખુશીથી કર્યો તેથી હું તેમનો આભારી બન્યોછું અને આશા રાખુંછું કે પ્રેસ વાળાઓ પણ તાકીદે છાપી આપવાની મહેરબાની કરશે.

સંવત ૧૯૭૪	ઘેલાભાઇ પુરૂષોતમ વ્યાસ.
શ્રાવણ કૃષ્ણપક્ષ ૧૦ મી.	મહેમદાવાદ.

યુવક મંડળનું કર્તવ્ય

અને

બાળ લગ્નનો ઇતિહાસ.

શેવક વિઠ્ઠલદાસ જીભાઈ શાહનું ભાષણ.

સુજ્ઞ યુવકો ! હું તમારા મંડળમાં મેમ્બર કે સભાસદ નથી, છતાં તમોએ પ્રેમ પૂર્વક આમંત્રણ કર્યું તેને માન્ય આપી આ સભામાં આવ્યો છું. વળી આ સભામાં મારા કરતાં પણ વધુ અનુભવી, વધુ બુદ્ધિશાળી, અને વધુ પ્રતિષ્ઠિત પુરૂષો પધારેલા છે તેઓને તમારા કરતવ્ય રૂપ મંગળા ચરણ કરવાની તક આપી હોત તો તમોને વધુ માર્ગ દર્શક થઇ પડત. તથાપી તે કામ કરવા મને ફર્જ પાડી તેથી હું ખુશી થયો છું. અને તમારો આભારી બન્યો છું.

વહાલા યુવકો ! આ સંસ્થા સ્થાપીને તમોએ પ્રજા સેવાનો અને ભવિષ્યની પ્રજાની ઉન્નતિનો માર્ગ શોધ્યો છે એ આપણી સમાજનાં અહો ભાગ્યની નીશાની છે. પણ તમો બહુ ઉતાવળા થશો નહીં. શાથી કે તમારા આ મંડળથી જે લાભ થવાના છે તે ઘણાજ કીંમતી છે, માટે તે મેળવવા ઘણી લાંબી મુદત જોઇશું. આ મંડળ સ્થાપન કરવાની તમારી મહત્વાકાંક્ષા અને અભીલાષાઓ ઉત્પન્ન થઇ છે, તે મોટા હર્ષની વાત છે. અને તે તમારી ધારણાઓ સર્વાંશે સફળ થાઓ એવું તમારી જોડે હું પણ ઇચ્છુંછું. આ મહત્ કાર્ય તમોને ઉદ્ભવ્યું એ કોઇ એક વ્યક્તિના પ્રયત્નથી માનવાનું નથી; પણ એ સમયનાંજ ચીન્હો છે, સમય સમયનું કામ કરે છે એ વાત સિદ્ધ છે, તોપણ પુરૂષાર્થ કરવો એ આપણું કરતવ્ય છે, પુરૂષાર્થથીજ પ્રારબ્ધ બંધાય છે, માટે તમો સરવેએ મળીને, સરવેના આનંદ અને ઉત્સાહ વચ્ચે ઉત્પન્ન થએલા આ મંડળ રૂપી બાળકને સારી રીતે ઉછેરીને મોટું કરવું, અને તે સર્વાંગે હષ્ટ પુષ્ટ બને તેવી યોજના કરવી એ તમો સરવેનું મુખ્ય કરતવ્ય છે. જેમ કોઇ કુટુંબમાં ભાગ્યશાળી બાળકનો જન્મ થાય, અને આખું કુટુંબ આનંદ પામે, તેમ આ મંડળ રૂપી બાળકના જન્મથી તમારા વડીલો પણ આનંદ પામ્યા છે, એ સરવેને સુખી થવાનાંજ ચીન્હ છે. માટે જુદા જુદા વિચા- ના યુવકોએ આ મળ્યા છો તેવી રીતે એક સ્થળે ભેગા થઇ એક બીજાના વિચા- નો અદલો બદલો કરવો એજ હાલતો તમારૂં ખાસ કરતવ્ય છે. તેમ કરવામાં સમજ થી કદાપી મતભેદ પડે તો તે શુદ્ધ હૃદયનો પાડજો, પણ દ્વેષ, ઇર્ષા કે આપવડાઇને ન દેશો નહીં. જો ગાફલ રહેશો તો તમારા સરવે મનોરથોનો અંત આવશે. માટે ય કરો, અને એક મતવાદનું ધોરણ નહીં રાખતાં બહુ મતવાદનું ધોરણ થી કે જો એકજ પુરૂષના હાથમાં સઘળો કારભાર કરવાની સત્તા હોય

તો ક્વચિત ઇરાદા વગર પણ ભૂલને પાત્ર થાય, અને તે એક માણસની ભૂલનું પરીણામ આખા સમાજને સહન કરવું પડે. તમો જાણો છો કે બળવાનમાં બળવાન સરકારના રાજ્યમાં પણ અપીલ કરવાનો હક પ્રજાના ગરીબમાં ગરીબ માણસને પણ હોય છે. માટે એક હથ્થુ સત્તા તો જોઇએજ નહીં.

સુજ્ઞ યુવકો ! આટલું તમોએ શાન્ત ચીતે સાંભળ્યું તેથી હું એવા અનુમાન પર આવ્યો છું કે મારાં કહેલાં વાક્યો તમોને માન્ય છે, અને મારા પ્રત્યેક શબ્દનું રહસ્ય શું છે તેનું તમો મનન કરશોજ, અને આપ એતો જાણતા હશોજ કે અગાઉ ધર્મની સત્તા આપણા સંસાર ઉપર ઉંચ દરજ્જે ધરાવતી હતી, અને સઘળા મનુષ્યો ધર્મનાં ફરમાનો પ્રમાણેજ વર્તતા હતા. અને એ પણ કબુલ કરશોજ કે ધર્મ પ્રમાણે વર્તવાથીજ સુખ મેળવી શકાય છે, વળી એ પણ જાણીતુંજ છે કે જેઓ મેહેનતુ, પ્રમાણીક, અને કેળવાએલા હોય છે તેઓજ પોતાની ઉન્નતિ કરી શકે છે, વળી વિદ્યા અને કેળવણીથીજ સારાસાર વિચાર ઉત્પન્ન થાય છે, અને વિચારોનો અમલ કરવાથી ફળ મળે છે, એટલે આપ સમજ્યા હશોજ કે વિચારોથી કાર્યો નિપજે છે, અને કાર્યો નશીબ નીપજાવે છે, એ શાસ્ત્રીય સિદ્ધાંત છે.

યુવક બંધુઓ ! તમોએ અધ્યાત્મ અને અધીભૂત પીડાથી બચવા માટે, અથવા તે તરફની પીડા હોય તો તેમાંથી મુક્ત થવા માટે આ સંસ્થા સ્થાપી છે તે ઘણુંજ વ્યાજબી કર્યું છે. જેઓને કોઇ પ્રકારની પીડા કે દુઃખ હોતું નથી. તેઓને ઉપાયો કરવાની કે સુધારણા કરવાની જરૂર હોતી નથી. ચક્રવર્તી રાજા પૃથ્વીનાં સમગ્ર ઇંદ્રિયજન્ય સુખોથી વિભુષિત હોય છે તથાપિ તે સુખ કાયમનાં નહિ પણ આદ્ય અંતવાળાં હોવાથી તેને તુચ્છ માની અક્ષય સુખ મેળવવા તેઓ પણ ઉપાયો કરે છે. પરંતુ એઓના ઉપાયોમાં અને તમારા ઉપાયોમાં બહુ ફેર છે. તેમને તે સુખ મેળવવા માટે સમુદાયના બળની કે સમુદાયની બુદ્ધિની જરૂર પડતી નથી. તે સુખ મેળવવા માટે તો ફક્ત બ્રહ્મવેત્તા ગુરૂની કૃપારૂપી યુનિવરસીટીની ચતુષ્ટ સાધન રૂપી ઉંચામાં ઉંચી ડીગ્રી મેળવી, તૃષ્ણા રહિત થઇ અખંડાનંદ ભોગવવાનો છે, અને તમારે તો તેઓએ જેને તુચ્છ માન્યાં છે તેવાં સંસારી સુખો મેળવવા ફાંફાં મારવાનાં છે, અને *અધ્યાત્મ તથા ×આધીભૌતિક દુઃખોનો ત્રાસ છે, તેમાંથી બચવાના ઉપાયો કરવાના છે. તે ઉપાયો એકલા હાથે બને નહિ પણ સમુદાયના સામટા બળની, અને તમામની બુદ્ધિની જરૂર હોવાથી તમોએ મોડા તો મોડા પણ આ યુવકમંડળની સ્થાપના કરી છે તે ઘણી યોગ્ય છે, અને વખતસરની પણ છે.

સુજ્ઞ યુવકો ! તમો અનાદિકાળથી ચાલતા આવેલા કેટલાક અઘટીત રિવાજોથી કંટાળ્યા છો. શાથી કે અસલના વખતમાં વસ્તીના પ્રમાણમાં સમાજનો વહીવટ ચલાવવા માટે જે નિયમો ઘડાએલા હોય, તે નિયમો આજ વસ્તીના વધારાથી, અને બીજા અનેક ફેરફારોથી ચાલી શકેજ નહિ, તેથી તેમાં સુધારા કરવાની ભાવના તમોને ઉત્પન્ન થઇ છે તે ઘણી સારી વાત છે. આવીજ ભાવના આપણા બીજા એકડાઓમાં અને આપણી કોમમાં, તથા બીજી કેટલીક કોમોમાં તમારા કરતાં પણ ઘણા વહેલાંથી ઉત્પન્ન થઇ છે.

---

* પોતાની બેદરકારીથી અથવા ગફલતથી થતાં દુઃખો.

× સામાના તરફથી થતાં દુઃખો.

અને તેઓ જમાનાને અનુસરતા ફેરફારો કરવાને આવાં સંમેલનો કરી, ચર્ચાઓ અને વિવેચનો કર્યાજ કરે છે. વળી સંસાર સુધારા કૉન્ફરન્સ પણ નવા સુધારા માટે લગભગ ત્રીશ વર્ષથી ચર્ચાઓ અને ભાષણો કર્યાજ કરે છે, છતાં ઘર કરી બેઠેલા જુના રિવાજો એટલા બધા પગભર થયેલા છે કે નવા સુધારાને ટકવા દેતાજ નથી, તે તમારા જાણવામાં પણ હશેજ. માટે તમોને પણ ફરીથી યાદ દેવડાવવાની કે તમારૂં કામ ઘણું મહત્વનું અને માનનીય છે, તેથી તમો પણ ઝટ કરી દેવાની ઉતાવળ કરશો નહિ. સાહસ કરવાથી વિમાસણ થવાનો ભય રહે છે, માટે બધા મંડળોની પેઠે હાલ તો તમો પણ ભાષણો, નિબંધો અને ચર્ચાઓજ ચલાવ્યા કરો. તમારી સંસ્થા હાલજ જન્મી છે. તેને કોઇ પ્રકારનો પરસ્પર વિરોધ રૂપી અને અપવડાઇ રૂપી વ્યાધી ઉત્પન્ન થાય નહિ, એ સંબંધેજ સાવચેત રહેજો. કોઇ પ્રકારનો બોજો લાદવા પણ ઉતાવળા થશો નહિ, અને અધીરા પણ બનશો નહિ. કોઇ બાળક દશ શેર બોજો ઉપાડવાને લાયક ન હોય તેના શિરે મણ બોજો લાદીએ તો તે ઉપાડી શકે નહિ એટલુંજ નહિ પણ હમેશના માટે તે નાલાયક બની જાય છે એ ભૂલવું જોઇએ નહિ.

વહાલા યુવકો ! દુઃખ મુક્ત થવા માટે અને સુખ પ્રાપ્તિની આશા માટે સુધારા કરવાની જરૂર આપણા એકડામાંજ નહીં પણ આપણી કોમ, અને આપણા દેશ ઉપરાંત આખી દુનિયાંના વિચારવંત પ્રાણીઓને છે, તેટલા માટે આપણા દેશમાં છેલ્લાં ત્રીશેક વર્ષથી સુધારા માટે એટલો બધો વા વાઇ ચુકયો છે કે, કોઇ પ્રાંત, શહેર, કસ્બો કે ગામ તેમજ કોઇ સમાજ, કોઇ ધર્મ, કે કોઇ જ્ઞાતિ, એવી અવશેષ જોવામાં આવશે નહિ કે જેણે સુધારા માટે કાંઇ પણ કર્યું નહિ હોય. તમામ જ્ઞાતિઓ અને જાતિઓ તથા અંત્યજો વિગેરે સર્વ વર્ણો સુધારા માટે પ્રયત્નશીલ બની ગઇઓ છે, અને તે વ્યાજબી પણ છે. શાથી કે જેમ કોઈ દેશની અંદર અજ્ઞાનતાથી અથવા નિર્ધનતાથી પ્રજામાં અશાન્તિ ઉત્પન્ન થઈ હોય, તો તે દેશની સાર્વભોમ શાણી સરકારે સર્વાનુકુળ કેળવણીથી અથવા ઉદ્યોગ હુન્નરનાં સાધનોથી શાન્તિ ફેલાવવીજ જોઇએ. તેવીજ રીતે સમાજની અંદર પણ પુરાતની રિવાજો વર્તમાનકાળમાં ત્રાસરૂપ થઇ પડયા હોય તો તે આ ખરા સુધારા વધારાના કાળમાં આપણી સમાજે પણ તે રિવાજોમાં ઘટતા ફેરફારો કરી શાન્તિ ફેલાવવીજ જોઇએ. પરંતુ આપણી સમાજના નેતાઓ આપ વડાઇ રૂપી વ્યાધીથી ઘેરાએલા છે, તેમને યોગ્ય ઉપચાર કરનાર વૈદ્ય, હકીમ કે ડૉકટર નહિ મળવાથી વ્યાધી મુક્ત થવાતું નથી; તેથી ત્રાસ ઘટવાને બદલે વધતો જાય છે, તે તમો યુવકોને પસંદ નહિ હોવાથી તમોએ પોતાની પ્રગતી માટે આ મંડળ સ્થાપીત કર્યું છે.

સુજ્ઞયુવકો ! આ મંડળથી થનારા ફાયદા હાલ કેટલાકોના સમજવામાં નહીં આવે પણ આશા છે કે ભવીષ્યમાં તમો આપણા એકડાને તારશો એટલુંજ નહીં પણ તમો આપણી ખડાયતા કોમને અનુકરણીય થઈ પડશો. પરંતુ હાલ તમારી શકિત નથી કે તમો કાંઇ પણ સુધારો કરી શકો. હાલ તો તમારે વકીલોની પેઠે ધારા શાસ્ત્રી બનવું પડશે. ...લે વકીલ બેરીસ્ટરો કંઇ ન્યાયાધીશો નથી, પણ ન્યયાધીશોને કાયદાની કલમોનું બારીકમાં ...ય સમજાવનાર સાચા સલાહકારો છે. તેવીજ રીતે હાલ તો તમારે પણ આપણા ...ના સલાહકાર બનવાનું છે. કજીઆ દલાલ બનવાનું નથી.

શ્રોહસ્થો ! ન્યાતના પટેલીઆઓને માજીસ્ટ્રેટોની કે જીલ્લા જડજોની અથવા હાઇકોર્ટના જડજોની ઉપમા આપી શકાશે નહીં. શાથી કે હાઇકોર્ટની ફુલ બેન્ચના ન્યાય ઉપર પણ અપીલ થઇ શકે છે. પણ બ્રીટીશ રાજ્યની પ્રિવિ કૌન્સીલ કે જ્યાં કુલીન વર્ગના ઉમરાવો અને રાજવંશીઓજ ન્યાય છણનારા છે, અને તેમનો ન્યાય ઇશ્વરી ન્યાય ગણાય છે, એટલે તે ઉપર અપીલ હોયજ નહીં તેમ આપણા પટેલીઆઓના ન્યાય ઉપર પણ અપીલ હોતી નથી. માટે તે ઇશ્વરી ન્યાય ગણાય તેથી હાલ તો તમારે એજ કરવાનું છે કે કુધારો એટલે શું ? અને સુધારો એટલે શું ? તથા કુધારો શી રીતે દુર થાય, અને સુધારો શી રીતે દાખલ થાય, એ ઉપર શાંન્તીથી વાદવિવાદ ચલાવવો, વિવેચનો કરવાં, નિબંધો લખવા, અને તે સઘળું છપાવી ઘેરઘેર લ્હાણી કરો, જેથી તેનું મનન થશે, તેથી તમે કાર્ય કરતાઓનાં અંતઃકરણ જીતી શકશો. અને તેઓનો વ્યાધિ દુર કરનાર વૈદ્ય, હકીમ કે ડૉકટર તમેજ બનશો તેથી તેઓ સંતુષ્ટ થઇ તમારા કાર્યને મદદ આપશે.

યુવક બંધુઓ ! જેમ કોઇ સારો વૈદ્ય હોય, અને તે આયુર્વેદનો જ્ઞાતા હોય, તથા તેના પાસે તમામ જાતની દવાઓ હોય, એટલું બધું હોવા છતાં જેમ તે સારા વૈદ્યે દર્દનું સ્વરૂપ જાણવાની પ્રથમ જરૂર છે, તેવીજ રીતે તમો બધા સારા હોંશીઆર છો, અને આજુબાજુના સંજોગોથી, તેમજ પોતાની બુદ્ધિ ચાતુર્યથી પોતાની સમાજમાં શું ખામીઓ છે, તે ખામીઓથી વાકેફ થએલા છો તથા તે ખામીઓ દૂર કરવા માટે વખતનો અને વસુનો ભોગ આપવા ઉપરાંત આક્ષેપોના પ્રહારરૂપ કષ્ટ સહન કરવાને પણ કટીબદ્ધ થએલા છો. તથાપિ ખામીઓ દૂર કરવાનું કામ તમારૂં નથી. શાથી કે જેને જેટલો અધિકાર તેણે તેટલુંજ કામ કરવાનું છે, હાલ પણ તમો જે ધારો તે કરી શકો તેવા છો. તથાપિ ધાર્યું કરવાને હાલ તમોને અધિકાર નથી. કારણ કે તમો પરતંત્ર હોવાથી ઇશ્વર રૂપ સમાજના નેતાઓના હાથમાં રમકડા રૂપ છો. તમારે તેમની આજ્ઞામાં રહેવાનું છે, તેમના પ્રત્યે પુજ્યબુદ્ધિ રાખીને તેમની સેવા ઉઠાવવાની છે. "સાઠી બુદ્ધિ નાઠી" અથવા "ઘરડા થયા ને ગત્ ગઇ" એવી ગાંડી કહેવતને વશ થશો નહિ. તેમના અનુભવની તમોને ઘણી જરૂર છે, છતાં તેઓ ઇશ્વર રૂપ છે તોપણ તમારે તેમને યાચવાનું કે કાંઇ પણ માગવાનું નથી. વિના માગ્યે તમોને મળીજ રહેશે. સાથી કે આ સૃષ્ટિનો નિયમ જ એવો છે કે, નિષ્કામ વૃત્તિથી જેઓ કાર્ય કરે છે તેને વિના માગ્યે ઇશ્વર તરફથી ફળ મળ્યાજ જાય છે. પ્રાણી માત્ર પોતાનાજ શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે એ ભુલવું જોઇએ નહિ. માટે ફરીથી પણ કહું છું કે તમો તમારા અધિકાર પ્રમાણે સુધારા માટે વિવેચનો કરો, નિબંધો લખો, એક બીજાના વિચારોનો મુકાબલો કરો, અને તે દરેક વખત છપાવી પ્રસિદ્ધ કરો. કે જેથી આબાળ વૃદ્ધ, પુરૂષો ને સ્ત્રીઓ શુદ્ધાં તમારા કર્ત્તવ્યથી જાણીતાં થઇ તમારી પ્રશંસા કરશે અને વિના પ્રયત્ને શરૂઆતમાં મોતીલાલે કહ્યું હતું કે દરેકે દરેક ઘરધણી પોતાનું આંગણું સાફ રાખે તો સુધરાઇ ખાતાની જરૂર રહે નહિ તેમ દરેકે દરેક ન્યાતિલાઓ બૈરાં સાથે પોતાની ફરજ બજાવે, કેળવણીથી થતા ફાયદા જાણે, બાળલગ્નોથી થતી પાયમાલી જાણે અને શાસ્ત્રાધારે સર્વ વ્યવહાર ચ-
તો આગળ કહ્યું છે તેમ તમારે વગર પ્રયત્ને સુધારા થઇ જાય એમાં લેશ
નહિ. તમો જો શાસ્ત્રીય દૃષ્ટાંતો અને સિદ્ધાંતોથી સિદ્ધ કરી આપશો

સ્ત્રીઓ અને પુરૂષો અહરનિશ તેનીજ વાતો કર્યા કરશે. ભણેલી સ્ત્રીઓ હોય તોજ સુધારા થાય, અને અભણમાં ન થાય એવી ભુલવણીમાં પડશો નહિ, તેમ નિરાશ પણ થશો નહિ. જ્યાંસુધી આપણા વડિલોનું અંતઃકરણ પીગળે અને તેઓ જાણે કે આપણા યુવકો કરે છે તે ખરૂંજ છે અને આટલા દિવસ અંધારાં ઉલેચ્યાં તે ફોગટ ગયાં, અને ખરો સુધારો તો હાલજ સમજાયો. એવું ખરા દિલથી જાણે ત્યાં સુધી તમો નિરાશ નહિ થતાં તમારા પ્રયત્નો ચાલુજ રાખજો, અને પછી તમો પણ ભુલવણીમાં પડશો કે, હવે આપણે કરવાનું તો કાંઇ પણ નથી !!! અર્થાત્ સુધારો આપો આપજ થઈ જશે.

પણ વહાલા યુવકો ! એ બધું કયારે થશે કે તમો આપણામાં જે જે ખાસ રિવાજો છે તેના ગુણ દોષ બરોબર શોધી શકશો ત્યારે ! જેમ કેળવણીથી થતા ફાયદા જાણીને પોતાના બાળકોને કેળવણી આપવાના ઉપાયો કરે, તેવીજ રીતે બાળલગ્નોથી થતા ગેર-ફાયદા બતાવે તો એ વિષય પુરૂષો કરતાં પણ સ્ત્રીઓમાં વહેલો અસર કરશે. પછી ભણેલી હશે કે અભણ, પ્રૌઢા હશે કે વૃદ્ધા, અથવા યુવા હશે કે બાળા, પણ બતાવી આપવું કે અલ્પાયુષ્યનું બળ હીણ અને બુદ્ધિહીણનું કારણ માત્ર બાળલગ્નોજ છે.

પ્રિય સજ્જનો ! હાલ તમોને ઇશ્વરી બક્ષિશરૂપ હરેક પ્રકારની અનુકુળતાઓ છે. માટે કર્તવ્ય બજાવવામાં કોઇ પ્રકારે આળસ કે પ્રમાદ કરશો નહીં, અને દંભ–આડંબરને તો યાદ પણ કરશો નહિ. બાજી બગડવાનું કારણ આડંબરજ છે. એ તમારા મસ્તકમાંથી ખસવા દેશો નહિ ! હે પ્રેમિ યુવકો ! મારા એકલાનીજ આશા અને શુભાશિષ તમારા પ્રત્યે છે એમ નહિ પણ અત્રે પધારેલા આપણા અનુભવી વૃદ્ધ આગેવાનોને જોઇને તમો જાણશોજ કે સમગ્ર એકડાની આશા અને શુભાશિષ તમારા ઉપર છે, અને તમો પણ નક્કી માનજો કે તમારૂં ભવિષ્ય ઘણું ઉજ્વળ અને યશસ્વી છે; પણ જ્યાંસુધી આપણે ખરેખરા ધાર્મિક નહિ થઇએ ત્યાંસુધી આપણી સમાજનો પુનરોદ્ધાર થઇ શકશેજ નહિ. જો તમો આત્મશ્રદ્ધા રાખશો અને બીજાના આધાર ઉપર નહિ રહો તો તમો મુશ્કેલમાં મુશ્કેલ કામ પણ પાર ઉતારી શકશો એ નિઃસંદેહ છે. શાથી કે આત્માની અંદર અનેક શક્તિઓનો ભંડાર છે, એ શક્તિઓ ધર્મનું પાલન કરવાથીજ પ્રગટી નિકળે છે. તમો યુવકો અને પધારેલા સર્વે સદ્ ગૃહસ્થો કબુલ કરશોજ કે, દરેક ધર્મનો મૂળ પાયો નીતિના ઉંચા ધોરણ પર રચેલો હોય છે, અને દરેક ધર્મમાં સદાચારને અગત્યનું સ્થાન મળે છે. સદાચાર–આચારવિચાર પાળવો એતો આપણી કાયમની ફરજ છે, આપણે પાપાચરણ ન કરીએ, અસત્ય ન બોલીએ, કોઇ પ્રકારનું વ્યસન કે અભક્ષાભક્ષ ન કરીએ, કોઇ પ્રકારની ચોરી ન કરીએ અને જુગાર ન રમીએ એમાં આપણે આપણા કર્તવ્ય ઉપરાંત કાંઈ પણ વધારે કર્યું કહેવાય નહિ ! શાથી કે એવાં કાર્ય ન કરવાં એતો આપણી ફરજજ છે. એથી કંઇ આપણે પ્રશંશાને પાત્ર ઠરતા નથી; પરંતુ ન્યાતની ઉન્નતિ યાને ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળાએ તો એવા સદ્ગુણો સાથે બહુજ કઠણ વ્રત પાળવાનાં છે. જેઓ ગુલાબની સ્પૃહા રાખતા હોય તેઓ કાંટાથી બીતા નથી. માટે પ્રથમ તો એજ કે વખાણથી કે ...જેથી ફુલાઇ જવું નહિ ! નિષ્ફળતાથી ગભરાઇ જવું નહિ, અને લાભ કે હાની, અથવા ...યશ વખતે પણ સુખ અને દુઃખને સમાન માનીને સંતુષ્ટ રહેવું. વળી કોઈ ...નો પ્રયત્ન કરતું હોય, કોઇ શ્રાપ વચનો બોલતું હોય, કોઇના પ્રત્યક્ષ

દોષો દૃષ્ટિગોચર થતા હોય, તોપણ તેઓના પ્રત્યે પ્રેમપૂર્ણ વચનોથી બોલવું, અને કે પ્રકારનો કલહ કરવો નહિ. આવાં વ્રત પાળનારાઓ પોતાની અને ન્યાતની ઉન્નતિ યા ઉદ્ધાર કરી શકે છે, અને સુયશરૂપી ગુલાબ પણ સહેજે મેળવી શકે છે. માટે જે યોજના ની શરૂઆત ધર્મ ભાવનાથી કરવામાં આવે, તે યોજના ફતેહમંદ થશે કે કેમ તેની દરકાર રાખ્યા વગર કામની શરૂઆત કરી દેવી. જો શરૂઆત થઈ હશે તો ઉપાડી લેનારા ઘણા મળશે. જેમ આ કામની શરૂઆત નિખાલસ મનથી થઇ છે તો તેમાં તમો સર્વે યુવકો પ્રેમથી જોડાઇ ગયા, અને વડિલો પણ રાજી થયા છે. જ્યાંસુધી સ્વાર્થ પરાયણતાનો પાસ હોય અને ધન લોભ તથા યશ લોભની લાલુસા હોય, ત્યાંસુધી તેમાં સારા માણસો જોડાતા નથી અને કોઇ કાર્ય સફળ થતું પણ નથી. માટે પ્રત્યેક કાર્યનો આરંભ ધર્મ ભાવનાથી કરવો. તમારા મંડળમાં જેમ ધર્મનો પ્રચાર વધારે, તેમ આપણું કલ્યાણ પણ વહેલું સમજવું. આપણામાં સનાતન ધર્મનાં દશ લક્ષણ કહ્યાં છે, અને આપણા સુધાદ્વૈતમાં નવધા ભક્તિ કહી છે. તેનું પાલન કરવાથીજ ધર્મભાવના ઉત્પન્ન થાયછે. જો ધર્મભાવના દૃઢ હોય તો અધીરાઇ નહિ રાખતાં ધૈર્ય રાખો, એટલે ઉતાવળા થાઓ નહિ. જો આપણે ખરેખરા ધાર્મિક હોઇશું તો આપણા માટે ઉજ્વળ ભવિષ્ય વિધાતાએ નિર્મેલુંજ છે. અંધારૂં હઠાવવા માટે બુમો પાડવાની કે શોચ કરવાની જરૂર નથી. ફક્ત પ્રકાશનીજ જરૂર છે. એ જ્ઞાનરૂપી પ્રકાશ આવાં સંમેલનોથીજ થશે, અને અંધારૂ હઠાવવા બીજા કાંઇ પણ પ્રયત્નો કરવા પડશે નહિ ! ! !

પ્રેમાળુ યુવકો ! મારૂં ભાષણ લંબાયું તેથી હું શોચ કરૂંછું કે તમો કંટાળશો. પણ મારે ખુલાસો કરવાની જરૂર છે કે તમોએ જ્યારે ન્યાતમાં ઉપસ્થિત થતા ગુન્હા શોધવાનું, અને તેનો ન્યાય છણવાનું કામ હાથ ધર્યું, ત્યારથી હું તમોને કહેતો આવ્યો છું કે ભાઇઓ ! આ કરતવ્ય તમારૂં નથી. ત્યારે તમો પૈકી ઘણા સજ્જનોએ પ્રશ્ન કર્યા છે કે, ત્યારે અમારૂં કરતવ્ય શું ? તેના જવાબમાં મેં એજ કહ્યું છે કે જ્યારે તમારૂં મંડળ ભેગું મળશે ત્યારે કહીશ. એજ કરતવ્ય મેં તમો સનમુખ આપણી ગામડીઆ સાદી ભાષામાં રજુ કર્યું છે. તે કદાપી આપણાં માસીકોના વિદ્વાન લેખકો હસી કાઢશે તોપણ તમોને તો તેનું વખતો વખત મનન કરી ઘટતું કરવા ભલામણ કરૂં છું, અને છેલ્લે એજ કહું છું કે, જે બાબતો તમો સરવેને એકેમતે માન્ય હોય, તેટલીનોજ હાલ પ્રચાર કરજો. અને જેમાં મતભેદ પડે તે હાલ બાજુપર રહેવા દેજો, સમય આવતાં મતભેદ દૂર થઇ જશે ત્યારે આપોઆપ પ્રચાર થશે

પ્રીય સજ્જનો ! મારૂં ભાષણ પુરૂં થયું છે, અને તમોએ એકે ચીત્તે સાંભળ્યું તેથી મારી મન કામના પૂર્ણ થઇ માનું છું, અને આશા રાખું છું કે પ્રમાદથી પ્રાપ્ત થએલી વિપત્તિ દૂર કરવા કટીબદ્ધ થશોજ. જેઓ એવી વિપત્તિઓની સામા થયા છે તેઓ [1]અમર થઇ ગયા છે. તેવીજ રીતે તમો પણ અમર કીર્તિવંત થશો એ નિઃસંદેહ છે. આટલું કહી હવે બાળકોનું કરતવ્ય શું છે તે વિષે થોડુંક બોલવા ઇચ્છા રાખું છું.

વહાલા બાળકો ! અત્રે પધારેલા છે તે યુવકો અને વૃદ્ધો પણ એક વખત બાળ-

---

[1] શ્રી રામચંદ્રજી, નળરાજા, હરીશ્ચંદ્ર, પાંડવો વીગેરે વિપત્તિઓના સામા થવાથીજ આ દુનિઆમાં અમર થઇ ગયા છે.

રાજ હતા. પ્રાચીન કાળમાં બાલ્યાવસ્થા ચોવીશ વર્ષ સુધી ચાલતી હતી, અને પ્રાચીન કાળથીજ જીંદગીના [2]ચાર ભાગ કરેલા છે, એ ચારે અવસ્થાના ધર્મો, અને કરવાનાં કર્મો જુદાં જુદાં દરાવેલાં છે.

૧ બાળા ચોવીશ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી વિદ્યાધ્યયન કરવું, અને વર્ણાશ્રમ આદી સરવે ધર્મ જાણવા.

૨ યુવા ગ્રહસ્થાશ્રમ ચલાવવો, અને ધર્મથી ધન પ્રાપ્ત કરવું, તથા ધર્મથી સંતતી ઉત્પન્ન કરવી.

૩ પ્રોઢા ગ્રહસ્થાશ્રમનો ત્યાગ કરી વાનપ્રસ્થ થવું.

૪ વૃદ્ધા કર્મફળનો ત્યાગ કરી મોક્ષેચ્છુ થવું.

આ પ્રમાણે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, ચારો પુરૂષાર્થ અનુક્રમે પ્રાપ્ત થઇ શકે એવી ગોઠવણ પ્રાચીન કાળથી થએલી છે. આ રીવાજ કેટલાક ઠેકાણે હાલ પણ ચાલે છે, ઘણું કરી ઉત્તર પ્રદેશમાં જ્યાં આ રીવાજ હસ્તી ધરાવે છે ત્યાંના માણસો કદાવર બળીષ્ટ અને દીર્ઘાયુષિ છે. તેઓના મનમાં ચોવીશ વર્ષ સુધી તો લગ્ન સંબંધી સંકલ્પ પણ થાય નહીં. થોડા વખત ઉપર વડોદરામાં બ્રહ્મભટ (બારોટો) ની કોન્ફરન્સમાં મેટ્રીક થયા પછી લગ્ન કરવાનો ઠરાવ થયાનું જાણ્યું છે, અને બીજી કોમોમાં પણ તેમ કરવાના પ્રયત્નો ચાલુ છે. તેમ થાય તો લગ્નની ભાવના ન રહે એટલે વિદ્યાભ્યાસ પર ધ્યાન સારૂં રહે. આપણામાં પણ એવા ઠરાવની આશા રાખવીજ જોઇએ.

પ્રીય બાળકો ! તમારો ખાસ ધર્મ એ છે કે હમેશાં સાચું બોલવું, અને સદ્ગુણી થવું. જુઠું બોલવું નહીં, અને કુસંગીઓનો સંગ કરવો નહીં. સાચું બોલવાથી પ્રતિષ્ઠા બંધાય છે, અને પરમેશ્વર પણ રાજી થાય છે, અને સુખ આપે છે. માટે હાલથીજ તે ટેવ પાડવી જોઇએ, કુમળું ઝાડ જેમ વાળવું હોય તેમ વળે છે. તેવી રીતે બાળપણમાં જેવી ટેવ પાડવી હોય તેવી પડે છે, માટે આજથીજ સદ્ગુણી થવા ઉપર ધ્યાન આપવું. વળી બીડી કે શીગારેટ પીવાં નહીં. શાથી કે તે કુમળા મગજપર વિષમય અસર કરે છે, અને સ્મર્ણ શક્તિ બગાડે છે. અને તેથી પરીક્ષામાં નપાસ થવાય છે, માટે કોઇ પણ નિશાયુક્ત પદાર્થનું સેવન કરવું નહીં, તેમજ બજારમાં વેચાતી ખાટી, ખારી, તીખી, કે ગળી કોઇ પણ ચીજ ખાવી નહીં, અને ચ્હા પણ પીવી નહીં. શાથી કે બ્રહ્મચર્યમાં વિક્ષેપ આવે છે, અને ધર્મની હાની થાય છે. માટે તમારો ધર્મ સાચવીને હાલ તો વિદ્યાભ્યાસ કરવો એજ તમારૂં કરતવ્ય છે, તેમ કરશો તો તમો યુવાવસ્થામાં પ્રવેશ કરશો ત્યારે ગ્રહસ્થાશ્રમ સુખ રૂપ નિભાવશો, અને જીવન સાફલ્ય કરી આલોક અને પરલોક બંને સુધારશો.

બંધુઓ ! ચર્પટ પંજરીકામાં કહ્યું છે કે, ગંગાદિક ક્ષેત્રોમાં, અને મોટા મહાસાગરોમાં સ્નાન કરે, ઘણાં ઘણાં વ્રત કરે, પણ જ્ઞાન ન હોય તો સો જન્મે પણ મુક્તિ મળતી નથી. એવું સર્વોત્તમ "જ્ઞાન" માતા—પીતા અને આચાર્ય દ્વારા મળે છે, માટે એ ત્રણે તિર્થોની સેવા કરવી. અને આ બે શ્લોક કંઠ કરવા.

---

[2] બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રોઢાવસ્થા, અને વૃદ્ધાવસ્થા.

माता गंगा समं तीर्थं । पीता पुष्कर मेवच ॥
गुरु केदार समं तीर्थं । माता तीर्थं पुनः पुनः ॥ १ ॥
अभिवाद न शीलस्य । नित्यं वृद्धो पसेविनः ॥
चत्वारि तस्य वर्द्धंते । आयुर्विद्या यशो बलम् ॥ २ ॥

પ્રીય બાળકો ! જેઓએ તમારા સુખ માટે પોતે દુઃખ સહન કર્યાં છે. અને પોતાના પ્રીય પ્રાણુ કરતાં પણુ તમોને અધીક ગણ્યાં છે. તે માતા અને પીતાની હમેશાં આજ્ઞા પાળવી અને સેવા ઉઠાવવી એજ ખરો ધર્મ છે. જે પુત્રો પોતાના માતા-પીતાની સેવા ન કરતાં જપ, તપ, તિર્થ, ઇશ્વર પુજન કે દાન પુન્ય અથવા વ્રત કરે છે તે નિશ્ફળજ છે. માતા-પીતારૂપ તીર્થનો લાભ નહીં લેતાં બીજા દેવોની ઉપાસના કરવા દોડનાર ગંગાજળ મુકી ઝાંઝવાનું જળ લેવા દોડે, અને નંદનવનનાં સુગંધી પુષ્પો મુકી આકાશ પુષ્પો મેળવવાની આશા રાખે તેના જેવું ફોગટ છે. વધુ ખાત્રી કરવા માટે શ્રવણુ આખ્યાન વાંચવાની ભલામણુ કરૂંછું.

પ્રીયભાઇઓ ! તમોને ચ્હા અને બીડીથી વિરકત રહેવા કહ્યું તેથી તમો એવા વિચારમાં પડયા હશો કે સારા વિદ્વાનો, મોટા ધનાઢયો, અને ન્યાય છણુનાર ન્યાયાધિશો ન્યાય અધુરો મુકીને પણુ તેને આધીન થતા જોઇએ છીએ. અને અમોને શાથી પ્રતિબંધ કરતા હશે. પણુ ભાઇઓ ! કોઇ પ્રકારનું વ્યસન ન કરવું એ તમારો ધર્મ છે. જેઓને વ્યસન વળગેલાં છે તેઓને બાળાપણુ અને યુવાવસ્થામાંજ વળગેલાં છે. માટે પ્રથમથીજ તેને વશ ન થવું એ સર્વોત્તમ છે. પ્રથમ તો શોખથી અને સંગતથી વળગે છે. અને પછી છોડી શકાતાં નથી. માટે પ્રથમથીજ સાવધ રહેવાની જરૂર છે. ચ્હા બહુ હોંશથી પીવાય છે તેનું કારણુ એ કે દુધ, શાકર અને એલચીથી બહુ સ્વાદિષ્ટ બને છે, અને સ્વાદને લીધે પીવાની રમુજ પડે છે. પહેલાં તો તેનો ઉપયોગ ફકત ખાનદાન કુટુંબોમાં બહુ મર્યાદાથી થતો હતો અને હાલ તો હલકામાં હલકી મજુરી કરનાર પણુ ચ્હાના શોકીન બની ગયા છે, અને એવા શોખીનો માટે ઠામ ઠામ ચ્હાની દુકાનોની પણુ ખોટ નથી. પરંતુ તમારે તો દુકાનોની અને ઘરની કોઈ પણુ ચ્હાનું વ્યસન કરવુંજ નહિ. કદાપી દુધની અનુકુળતા હોય તો તે સર્વોત્તમ છે. ઘરના વડીલોની અથવા માબાપોની પણુ ફર્જ છે કે જ્યાંસુધી છોકરાંઓની બુદ્ધિ અનુભવથી પરીપકવ થાય નહીં ત્યાં સુધી યોગ્ય અંકુશ રાખીને, તેમને રૂચતું ન હોય તો પણુ તેમના કલ્યાણુ માટે તેમને ખોટું મનાવીને પણ કામ લેવું જોઇએ. જેવી માતા-પીતાની રીતભાત અને રહેણી કરણી હોય, તેવુંજ છોકરાં શીખે છે. માબાપ મનોનિગ્રહી હોય તો બાળકોને તે શીખવાડવું પડતું નથી. આપો આપજ શીખે છે, નીતિની વાત શીખવાડવાથી બાળકો નિતિવાન બનતાં નથી. પણુ ઘરની કેળવણીથીજ નીતિવાન બને છે. એ હમેશ યાદ રાખવાનું છે.

મેહેરબાન સદ્દગ્રહસ્થો ! મેં આપનો કીમતી વખત રોકયો તે માટે, તથા હું જે કંઇ બોલ્યો તે શીરસ્તા કરતાં કંઇ વધારે બોલાઈ ગયું હોય, અથવા અસ્તાવસ્ત કહેવાઇ ગયું હોય તે માટે આપ સર્વેની ક્ષમા યાચુંછું. અને આજની સભામાં યુવકો માટે નઇ થએલા લગ્ન, અને બાળલગ્ન, તથા જમણવાર પૈકી લગ્ન અને બાળલગ્નના વિષય ઉપર સંક્ષેપમાં વિવેચન કરવા વિચાર રાખુંછું.

ગ્રહસ્થો ! આ મંડળની મીટીંગ મળવાનું નકી થયું, અને તે સંબંધીની આમંત્રણ પત્રીકાઓ બહાર પડી, તેમાં લગ્ન, અને બાળલગ્ન એ બે વિષયો ગણ્યા તેથી ચર્ચા થવા લાગી કે બાળલગ્ન તો ખરાં, પણ લગ્ન એટલે શું ?

મેહેરબાનો ! અનાદી કાળમાં તમામ વ્યવહાર શાસ્ત્રાધારેજ ચાલતો હતો. તેથી ખરૂં લગ્ન તેજ કહેવાય કે જે શાસ્ત્રાધારે કરેલું હોય, એટલે ધનની, યશની, કે કોઇ પ્રકારના બદલાની આશા વગર કેવળ પુત્રીના હિતાર્થે નીચે પ્રમાણે શાસ્ત્રમાં કહેલું છે તેવાં લક્ષણો જોઇને કન્યાનો વીવાહ કરવામાં આવ્યો હોય તે લગ્ન કહેવાય.

कुलंच शीळंच सनाथताच, विद्या च वित्तंच वपु वंयश्च.

એટલે પ્રથમ કુળ જોવું. પછી શીળ તપાસવું, અને પછી સનાથતા. આ ત્રણ તપાસ્યા પછી વિદ્યા, અને ધન જોયા પછી શરીર જોવું. કારણ કે ગમે તેવો બુદ્ધિવાન, અને ધનવાન હોવા છતાં શરીરે ક્ષીણ, રોગી, અને અશકત હોય તો તે સર્વથા ઉચીત નજ ગણાય. એટલા માટે શરીર નીરોગી, દૃઢ, કદાવર, બળવાળું, અને વિર્યવાન હોવું જોઇએ. આટલાં લક્ષણ હોય તો પછી વય જોવી. આ સાતે લક્ષણ સંપુર્ણ હોય તેવા વર જોડે કન્યાનો વીવાહ કરવો એવી શાસ્ત્રની આજ્ઞા છે, કેટલાંક વિચારશીળ માબાપો રૂપવાન, કુળવાન, વિદ્વાન, અને ધનવાન વરને જોઇ, તેને કન્યા આપે છે. અને પોતે સંતુષ્ટ થાય છે, તે પણ ઉત્તમ છે તો પણ શાસ્ત્ર કહે છે કે,

गुणं प्रच्छस्व मा रूपं । शीळं पृच्छस्व मा कुलम् ॥
सिद्धिं पृच्छस्व मा विद्यां । भोगं पृच्छस्व मा धनम् ॥ १ ॥

કેવળ રૂપ પર મોહ ન પામતાં ગુણની શોધ કરવી, કેવળ ઉંચા કુળનેજ જોવું નહિ પણ તે શીળ સંપન્ન છે કે નહિ તે તપાસવું, કેવળ વિદ્યા જોઇને પણ રાજી થવા જેવું નથી, પરંતુ વિદ્યાથીજ પ્રાપ્ત થતા વિનય, વિવેક, અને સત્પાત્રતા વિગેરે સદ્દગુણો છે કે નહિ તે બરાબર તપાસવું. તેમજ એકલાં ધનને ઇચ્છવું નહિ પરંતુ તે ધનનો ઉપભોગ સદુપયોગ, તેથી થતો પરમાર્થ ઇત્યાદિ ભોગો ભોગવાય છે કે નહિ તે જોવું જોઇએ, શાથી કે

गुणो भूषयते रूपं । शिलं भूषयते कुलम् ॥
सिद्धि भूषयते विद्यां । भोगो भूषयते धनम् ॥ १ ॥

એકલું રૂપ શોભતું નથી, પણ તેની જોડે ગુણ હોય તોજ તે રૂપને શોભાવે છે. એકલું કુળ શોભતું નથી, પણ તેની સાથે શીળ એટલે સદાચાર હોય તોજ તે કુળને શોભાવે છે. એકલી વિદ્યા શોભતી નથી. પણ તેની સાથે સિદ્ધિ એટલે વિદ્યાથી સિદ્ધ થતા વિનય, વિવેકાદી સદ્દગુણો હોય તોજ તે વિદ્યાને વધારે શોભાવે છે. તેમજ એકલું ધન શોભતું નથી. પણ તે ધનનો પરમાર્થ રસ્તે સદુપયોગ થઈ ઉપભોગ લેવાતો હોય, તોજ તે ધનની શોભા છે. આ રીતે અપરોક્ષ અનુભવ મેળવી વિવાહ કરવાની શાસ્ત્રની આજ્ઞા છે, શાસ્ત્રકારોએ લગ્નની વ્યાખ્યા એવી કરી છે કે, " લગ્ન " એટલે જોડાવું. સ્ત્રી, પુરૂષે ધણી ધણીઆણી તરીકેનાં સંબંધથી જોડાવું તેનું નામ લગ્ન અથવા વિવાહ.

દંપતિએ હમેશાં પરસ્પર પ્રિતિથી વર્તવું, સંતતી ઉત્પન્ન કરી તેનું સંરક્ષણ કરવું, છોકરાંને વિદ્યાભ્યાસ કરાવીને તેમને સદાચરણમાં લગાડવાં, આખી ઉમ્મર સુધી એક બીજાને મદદ કરવી, આ સર્વ આચરણ સિદ્ધ કરવાના જે સોગન લેવા તેનું નામ વિવાહ અથવા લગ્ન. અહીંયાં સવાલ ઉત્પન્ન થાય છે કે, સ્ત્રી પુરૂષે કેટલી ઉમ્મરે લગ્ન કરવાં કે જેથી ઉપર બતાવેલાં સઘળાં આચરણો પાળવાને તેઓ લાયક ગણાય; તેમજ યોગ્ય ઉમ્મરે લગ્ન થયાં કહેવાય? તેમાટે શુશ્રુતનો એકજ શ્લોક પુરવાર કરી આપે છે કે,

पंच विंशे ततो वर्षे। पुमा नारी तुषोडशे॥
स गत्वा हत विर्यौतौ। जानी यात्कुशलो भिषक्॥

પુરૂષની વય પચીસ વર્ષની, અને સ્ત્રીની ઉમ્મર સોળ વર્ષની જોઇએ, કારણ કે પ્રીતિના સૂત્રમાં બંધાઇને એક આત્માને બીજાના સુખ માટે પોતાનો સ્વાર્થ ભૂલવાની શિક્ષા આપે, એવો મહાનભાવ લેવાની શક્તિ જેને ઉત્પન્ન થઇ નથી, તેને હજુ વિવાહ કરવાની ઉમ્મર થઇ નથીજ. એવું શુશ્રુત ઉપરાંત બીજાં શાસ્ત્રો પણ કહે છે. અને અનુભવી ડૉકટરો પણ કહે છે કે પુરૂષના શરીરની કમીમાં કમી પચીસ વર્ષ સુધી, અને સ્ત્રીના શરીરની સોળ વર્ષ સુધી વૃદ્ધિ થતી અટકતી નથી. માટે તેટલી ઉમ્મર પહેલાં તેઓએ પ્રજોત્પન્ન કરવાના ઉદ્યોગનાં કામો કરવાંજ નહીં.

ગ્રહસ્થો! આટલું સાંભળવાથી "લગ્ન" એટલે શું, તે આપના ખ્યાલમાં આવ્યું જ હશે અને આ સઘળાં લક્ષણો પરીપૂર્ણ તપાસીને જે લગ્નો કરવામાં આવે, તે દંપત્તિ દિર્ઘાયુશી હોઈ સુખી જીંદગી ભોગવે, અને યશ તથા લાભ પ્રાપ્ત કરે એ પણ સમજવામાં આવ્યુંજ હશે. આટલું કહી હવે બાળલગ્નનો ઇતિહાસ કહેવા ઇચ્છા રાખું છું.

ગ્રહસ્થો! બાળલગ્નથી આપણી ન્યાતજ પાયમાલ થાય છે, એમ નથી, પણ આખા આર્યાવૃતની પ્રજા પાયમાલ થાય છે એ સૌને પ્રત્યક્ષ અનુભવ છે. આ બુરો રીવાજ ઠેઠ કાશીથી રામેશ્વર સુધી, અને સીંધથી બંગાળ સુધી સર્વ જાતોમાં દાખલ થઈ ગયો છે. બાળલગ્નથી લગ્નનો લ્હાવો નથી લેવાતો એટલુંજ નહીં પણ સંસારનો લ્હાવો બીલકુલ લેવાતો નથી આખી જીંદગી કલેષ અને પરિતાપમાંજ પસાર થાય છે. પ્રજા અલ્પાયુષિ રોગી, અને બળ વગરની નીપજે છે. અને વિદ્યા તથા કેળવણીથી બેનશીબ રહે છે. કાચી વયમાં સપ્ત વિદ્યાભ્યાસ અને ગ્રહસ્થાશ્રમનો બોજો ઉપાડી શકાય નહીં, છતાં એ બોજો મુકવામાં આવે તો શરીરનો બાંધો નબળો પડે અને વૃદ્ધાવસ્થા વહેલી આવે. તેથી પરિણામ વિનાશમાંજ આવે છે. સાથી કે પોતાનું ગુજરાન ચલાવવાની કેળવણી હજુ મળી નથી; અને પોતાને પુરૂષ બનવાનો આધાર હજુ બીજા ઉપર છે. તે પહેલાં આખા સંસારનો બોજો તેના શીરે આવી પડે તો હમેશના માટે નિરાશ અને નિસ્તેજ બની જાય છે, અને આ દેવતાઓને પણ દુર્લભ એવો મનુષ્યદેહ તેને કંટાળારૂપ થઇ પડે છે. આવું સમજાયાથી આ વિષય વિદ્વાન વર્ગમાં પુષ્કળ ચરચાવા લાગ્યો છે, તો પણ ઘણાં ખરાં માતાપીતા એમજ સમજે છે કે આ સંસારમાં સાચો લ્હાવો માત્ર એજ છે કે પુત્ર યા પુત્રીને ઝટ પરણાવી દેવાં. જુઓ કે, આ સમજણ પણ સારી છે, કારણ કે આ લ્હાવો પણ ઉત્તમ છે તેની ના નથી; પરંતુ તે સાથે સમય જોવાની જરૂર કંઇ ઓછી નથી. શાથી કે જેમ માતાપિતાને પરણાવવાનો લ્હાવો હોય છે તેમ પરણના

જોડાને પણ તે સમય મોટા લ્હાવા સાથે આનંદ આપનારો હોય છે; લગ્ન સમયનો આનંદ તેઓના શરીરમાં એટલોબધો ઉછાળા મારે છે કે, તેવો સમય તેમની જીંદગીમાં પુનઃ આવતોજ નથી. માટે એવા તેમના અગાધ આનંદનો માતાપીતાએ વિનાશ કરવો ઘટીત નથી. મતલબ કે તેઓ સમજણાં થાય તેટલી ઉમ્મર પહેલાં લગ્ન કરવાથી તેમનો સઘળો આનંદ નાશ પામે છે. માટે એ જુલમથી બચવા બચાવવા સારૂં શ્રીમંત સરકાર ગાયકવાડ સરકારે કાયદો કરીને કન્યાના લગ્નની ઉમ્મર બાર વર્ષની ઠરાવી છે તે વાજબી છે, વળી આપણી ખડાયતા કોન્ફરન્સમાં પણ બાર વર્ષ પુરાં થયા પછી તેરમાં વર્ષમાં લગ્ન કરવાનો ઠરાવ પસાર થયો છે તેવોજ ઠરાવ આપણા એકડામાં પણ કરવામાં આવે તો સમય ઘણો અનુકુળ છે. આટલું કહી હવે આ અમુલ્ય જીંદગીને ભસ્મીભુત કરનાર "બાળલગ્ન" નો રીવાજ આપણા દેશમાં કયારે શરૂ થયો હશે, શા કારણથી શરૂ થયો હશે, અને હાલ તેને અટકાવી શકાય તેમ છે કે નહિ તે સંક્ષેપમાં કહીશ.

ગ્રહસ્થો ! ઇતિહાસ સાક્ષી પુરે છે કે, "બાળલગ્નો" સ્મૃતિ અને પુરાણના વખતમાં નહોતાં. શીકંદરના આવવા અગાઉ પણ નહોતાં, કાળીદાસ પંડિત અને ભવભૂતિના વખતમાં પણ નહોતાં. એક ચીની પ્રવાસી ઇસ્વીસનના સાતમા સૈકામાં આ દેશમાં પ્રવાસે આવેલો ત્યારે પણ નહોતાં, પરંતુ મુસલમાની અમલ શરૂ થતા પેહેલાં તેની શરૂઆત થઇ ગએલી હતી. એટલે ઘણા ખરા માણસોનું ધારવું છે તેમ બાદશાહી અમલમાં મુસલમાનોના જુલમથી આ બાળલગ્નો શરૂ થયાં છે તેમ મુદ્દલ નથી. શાથી કે મુસલમાનોનું રાજ્ય પંજાબ, હિંદુસ્તાન, મહારાષ્ટ્ર અને તૈલંગ દેશમાં ઇસ્વીસનનાં દશમા, બારમા, તેરમા અને ચૌદમા સૈકામાં થયું છે. ઇતીહાસને નહીં જાણનારા ઘણા માણસો દંત કથામાં કહે છે કે, મુસલમાન લોકોએ જુલમ કર્યો એટલે હીન્દુઓ વહેલાં લગ્ન કરવા લાગ્યા. એમ કહેવાનો અર્થ એટલોજ છે કે લગ્ન કરેલી છોડીઓને મુસલમાનો પકડી લેઇ જતા નહીં. પણ ઇતીહાસના જાણનારાઓનું અજાણ્યું નથી કે, મુસલમાનો કુંવારી છોડીઓને, અને પ્રોઢા સ્ત્રીઓને પોતાની ઇચ્છા પ્રમાણે પકડવાને કોઇની પણ આડખીલી ગણતાજ નહીં. અને તે સ્પષ્ટ થવા, તથા ખરૂં માનવાને કરણ વાઘેલાની રાણી કમળાદેવી, અને તેની નિર્દોષ કુંવરી દેવળદેવીનો દાખલો મોજુદ છે. કમળાદેવી પરણેલી હતી એટલુંજ નહીં પણ બચરવાળ હતી. છતાં તેને અલાઉદીને પોતાના જનાનખાનામાં રાખી હતી. અને દેવળદેવીને તો ત્રણ ઘણી કરાવ્યાની વાતો થઇ હતી. આ દાખલાથી સિદ્ધ થાય છે કે, "બાળલગ્નો" તેમના કુંવારી કન્યાને પકડવાના ભયથી શરૂ થયાં નથી. કદાપી એમ માનો કે કુંવારી કન્યાનું રક્ષણ બાપને એકલાને શીર હોય છે, અને પરણાવી દેતો તેના ધણીને અને તેના પક્ષને પણ રક્ષણ કરવાની ફરજ પડે એ વાત ખરી, પણ બાપ કરતાં નાની છોડીનું રક્ષણ તેનો નાનો ધણી કે તેનો પક્ષ વધારે કરી શકે એ વાત બીલકુલ લક્ષમાં ઉતરતીજ નથી. શાથી કે એ પણ વિચારવાનું છે કે, લાખો હીન્દુઓને મુસલમાનોએ પદ ભ્રષ્ટ કર્યા હતા, તે પૈકી બાપ અને ધણી તથા ધણીનો પક્ષ પુત્રીનું કે પત્નીનું રક્ષણ કેવી રીતે કરી શકે? માટે સિદ્ધ થાય છે કે મુસલમાનોના જુલમથી બાળલગ્નો શરૂ થયાં હોય એ માનવું તદ્દન ભૂલ ભરેલું છે. કારણ કે તેતો આગળ કહ્યું તેમ બાદશાહી અમલ શરૂ થતા પેહેલાંજ તેની શરૂઆત થએલી હતી. વળી બીજાં

જણાશે કે કેટલીક બ્રાહ્મણ જ્ઞાતીઓમાં હજુ સુધી પણ બાળલગ્નો થતાં નથી. દીલ્હી વિગેરે સ્થળે કેટલીક સ્ત્રીઓ વૃદ્ધ થતાં સુધી અવિવાહીત રહેતી હતી. અને કેટલાકે તો આખું આયુષ્ય કુંવારી જીંદગીમાંજ ગાળેલું છે. એ જ્ઞાતી તે કનોજીયા બ્રાહ્મણોની છે. અને તે વિશેષે કરીને દીલ્હી, અને તેની આજુબાજુ વધારે છે. હવે ઇતીહાસ જોશો તો સારૂ સમજાશે કે એ પ્રદેશ તો પ્રથમથીજ મુસલમાનોના સપટામાં સપડાએલો હતો. નાદીરશાહના વખતમાં મથુરાંથી માંડીને દીલ્હી સુધી બ્રાહ્મણ સ્ત્રીઓ ઉપર ભયંકર જુલમ ગુજરવાથી હજારો સ્ત્રીઓએ યુમનામાં અને કુવાઓમાં પડીને પ્રાણાર્પણ કરેલાના દાખલા ઇતિહાસમાં મોજુદ છે. મતલબકે એ પ્રદેશમાં છેવટ સુધી મુસલમાનોનો જુલમ રહેલો છતાં પણ ત્યાં બાળલગ્નનો બુરો ચાલ બીજા પ્રદેશો પ્રમાણે શરૂ થયો નહોતો. તેથી વધુ સાબીતી મળે છે કે, મુસલમાનોના જુલમથી બાળલગ્નો શરૂ થયાં નથી. ત્યારે બાળલગ્નની શરૂઆત ક્યારે થઇ તેનો ફડચો લાવવાનું કામ બાકી રહે છે.

ગ્રહસ્થો ! લંબાણતો થયું છે પણ કંટાળો લાવશો નહીં. બાળલગ્નની શરૂઆત ક્યારે થઇ તે દાખલો પણ ઇતીહાસજ પુરો પાડે છે, અને તે એવી રીતે કે, મુસલમાનોનું આ દેશમાં આવાગમન થયું તે પેહેલાં એટલે ઇસ્વીસનના સાતમા સૈકાથી તે નવમા સૈકા સુધી હિન્દુ તથા બૌદ્ધ ધર્મ વચ્ચે ઝઘડો ચાલ્યો, તે અરસામાં ઉત્પન્ન થયાં ઠરે છે. કારણ કે બૌદ્ધ ધર્મનો નાશ કરતાં હીંદુ ધર્મને બહુજ જોર પડયું હતું.

પુરાતન કાળમાં સ્ત્રીઓને પણ જનોઈ આપવામાં આવતું હતું અને તેમને વેદાધ્યયનનો તેમજ વૈદીક ધર્મનો અધિકાર પણ હતો. વળી અવિવાહિત રહીને બ્રહ્મવાદીની થવાનું પણ હતું. તેવીજ રીતે બૌદ્ધ ધર્મમાં પણ સ્ત્રીઓને જોગીણી થઇને મઠમાં રહેવાનો અધિકાર હતો; પણ બુદ્ધ જતી અને જયણીઓ વચ્ચે અનીતિ સમજાયાથી હિંદુ ધર્મવાળાઓએ જોગીણી થવાનું કાઢી નાંખવા માટે પ્રત્યેક સ્ત્રીઓએ લગ્ન કરવુંજ જોઇએ એવી ફરજ પાડીને નિયમ કર્યો કે નાનપણમાંજ છોડીઓનાં લગ્ન કરી દેવાં કે જેથી છોડીઓ જોગણીઓ થવા પામેજ નહિ, અને તેજ કારણથી બાળલગ્નનો રિવાજ ચાલુ થયો એમ ઇતિહાસ કહે છે.

કુમારપાળ રાજાના દરબારમાં બે પંડિતો વચ્ચે, સ્ત્રીઓને મોક્ષનો અધિકાર છે કે નહિ, એ પ્રશ્ન ઉપર મોટો વાદવિવાદ થયો હતો. તેમાં તેને મોક્ષનો અધિકાર નથી એવો નિર્ણય થયો હતો; પણ જે વખતે બૌદ્ધધર્મી લોકો હિન્દુ થયા તે વખતે એ ભિન્ન ભિન્ન મતનું એવું મિશ્રણ થયું કે વિવાહિત સ્ત્રીઓને પોતાના પતિદ્વારા સર્વ વૈદિક કર્મનો અધિકાર છે; પણ અવિવાહિત સ્ત્રીઓને મોક્ષનો અધિકાર નથી. આવો મત સિદ્ધ થવાથી, જનોઇ જેમ આઠમે વરસે અપાય છે તેમ છોડીઓનાં લગ્ન પણ આઠમા વર્ષે કરવાનો ઠરાવ થયો. તે વખતથી નાનપણમાં લગ્ન કરી દેવાનો પ્રથા ચાલ્યો. આ પણ ઇતિહાસીક મજબુત પુરાવો છે, વળી બીજો પુરાવો પણ ઇતિહાસનોજ છે.

જ્યારે મહમદ ગીજની સોરઠી સોમનાથ પરની છેલ્લી લઢાઇમાં જીત મેળવીને ગયો પણ તે રજપૂતોને પ્રબળ જાણતો હતો તેથી પાછા ફરતાં અજમેરને રસ્તે ન જતાં સિંધ દેશને વિકટ માર્ગે ગયો હતો, અને ત્યાર પછી બસો વર્ષ સુધી કોઈ પણ પરદેશી રાજાએ સ્વારી કરી નહોતી. એવાં શાન્તિના વખતમાં મજબુત બનવાને બદલે એશઆરામમાં

પડવાથી રજપૂતોમાં પણ બાળલગ્ન થવા માંડ્યાં. સિવાય ત્રીજો દાખલો, કુમારપાળ રાજા જૈન ધર્મમાં દાખલ થયો એટલે તમામ રજપૂતો પણ ભક્ત બની ગયા અને વાણિવિવાહમાં કુસંપનાં બીજ રોપાયાં. વળી ભાટીઆ લોકો પૂર્વે રજપૂત હતા તે વાણિયાભાઇ જેવા બનીને સ્વાર્થ પરાયણ થઇ ગયા, અને તેઓનામાં પણ દીકરા દીકરીનાં લગ્ન ઘોડીઆમાં થવા લાગ્યાં અને એ ચાલ બધા દેશમાં પસર્યો.

આ રીતે બાળલગ્ન દાખલ થયાના ઇતિહાસીક દાખલા છે તે ઘણા પુરાણા છે. તે દાખલાને મળતાજ શ્લોકો દાખલ થયા છે. તે શ્લોકો તે વખતના નથી, પણ સુમારે એકસોને ત્રીસેક વર્ષ ઉપર નવા ઉત્પન્ન થયા છે. તે શ્લોકો નિચે પ્રમાણે છે.

अष्ट वर्षा भवेद्गौरी । नव वर्षातु रोहिणी ॥
दश वर्षा भवेत् कन्या । तत उर्ध्वं रजस्वला ॥ १ ॥

બાળકી આઠ વર્ષે ગૌરી થાય છે, નવમે રોહિણી અને દશમે વર્ષે કન્યા થાય છે, અને તેથી ઉપરાંત રજસ્વળા કહેવાય.

माता चैव पिता तस्या । जेष्ठो भ्राता तथैवच ॥
त्रयस्ते नरकं यांति । दृष्ट्वा कन्या रजस्वलाम् ॥ २ ॥

દશ વર્ષની થએલી જે બાળકી, તેનું લગ્ન જો તેનાં માતા-પિતા તથા તેનો વડિલ બંધુ ન કરે તો એ ત્રણે ઉપલી રજસ્વળા કહેવાયલી કન્યાનું મુખ જોવાથી નર્કમાં જાયછે.

આ બે શ્લોકોથી આશ્ચર્ય સાથે ખેદ થયા વગર રહેતો નથી. શાથી કે આ બંને શ્લોકો દાખલ કરનાર કાશીનાથ નામના પંડિત છે અને તેમણે પોતેજ બનાવેલા "શીઘ્રબોધ" નામના ગ્રંથમાં આજથી સુમારે એકસોને ત્રીસ વર્ષ પર દાખલ કરેલા છે, અને બાળલગ્ન શરૂ થયાને તો સુમારે બારસો વર્ષ થઇ ગયાં છે. તેથી આશ્ચર્ય થાય છે કે તેમણે એ શ્લોકો શા માટે દાખલ કર્યાં હશે? તેનો ખુલાસો અનુમાનથી ધારીએ કે, પંડિતની ધારણા દેશકાળને અનુસરી બાળકીઓને સોળ વર્ષ સુધી નિર્દોષપણે રહી શકવા પર શક ગયેલો હોવો જોઇએ. તો તેમના મત પ્રમાણે તે ધારણા ખરી ગણીએ તોપણ તેમાં હાલ ફેરફાર કરવાની અગત્ય આવી પડી છે. માટે બુદ્ધિમાન પુરૂષોએ સનાતન ધર્મની મર્યાદા સાચવીને પોતાની કન્યાઓને બાળપણથીજ નીતિ અને સત્ય ધર્મ સંબંધી વિચાર તથા સદ્ વિદ્યાનું અધ્યયન કરવા તરફ લક્ષ લગાડવું; અને ખાન, પાન તથા સંગ વિગેરેનો બંદોબસ્ત કરવો; તેમ કરવાથી દશમે વર્ષે લગ્ન કરવાની અગત્ય રહેશે નહિ, અને ઉપર ટાંકેલા શ્લોકોથી સંપ્રદાય પડી ગયો છે તેમાં સ્હેજ ફેરફાર થઇ પુખ્ત વયે લગ્ન કરવાનો સંપ્રદાય ચાલુ થશે. એટલે બાળલગ્નથી બળહીણ, બુદ્ધિહીણ અને આયુષ્યહીણ પ્રજા ઉત્પન્ન થાય છે તેના બદલે દીર્ઘાયુષી અને પરાક્રમી પ્રજા ઉત્પન્ન થશે એમાં બીલકુલ સંદેહ નહીં.

ઉપર પ્રમાણે ફેરફાર થાય તો સર્વને લાભકારક છે, તોપણ તે સહેજે બનવું અશકય છે. તેમ એકાદ બેથી બનવું મુશ્કેલ છે; પણ જો સઘળા પુરૂષો સ્વાર્થ ત્યાગ કરી ધર્મ શું અને અધર્મ શું તેનો યથાર્થ અર્થ કરી ભવિષ્યમાં થનારી માતાઓ કે જે હાલની

કન્યાઓ છે તેમના માટે નીતિનો બોધ આપવાની શરૂઆત કરાવે તો તેમ બનવું અસાધ્ય નથી. 'પુરૂષ પ્રયત્ન અને ઈશ્વર કૃપા' એ ન્યાયે મન કામના પૂર્ણ થાય એમાં લેશ સંશય નથી.

શરૂઆતમાં કહેવા મુજબ બાળલગ્ન શાથી ઉત્પન્ન થયાં, ક્યારે ઉત્પન્ન થયાં, અને તેથી નુકશાન શું છે, તથા તે બંધ કરી શકાય તેમ છે કે નહીં, તે સઘળું વિસ્તારથી કહ્યું છે, તે ઉપર આપ સરવે સુજ્ઞો અવશ્ય લક્ષ આપશો એવી આશા છે. વિદ્વાનોનું માનવું છે કે નિશ્ચય પરાયણ થાય તો પાર ન પડી શકે એવું કંઈજ નથી. કહ્યું છે કે,

देवत्वं मम रेशत्वं । तत्पूज्यत्वं च मानावा ः ॥
प्रयान्ति वांछितं वा ऽ न्यद् । दृढं ये व्यवसायिनः ॥

જેઓ દ્રઢ નિશ્ચયવાળા હોય છે તેઓ દેવપણું, દેવેન્દ્રપણું, કે તેથી પણ ઉંચ પદ, તેમજ બીજું પણ સઘળું ઈચ્છીત મેળવી શકે છે. વળી કહ્યું છે કે,

नाविज्ञातं नचागम्यं । ना माप्यं दिवि चेहवा ॥
उद्यतानां मनुषाणां । यत चित्तेन्द्रि यात्मवान् ॥

મન બુદ્ધિ અને ઇન્દ્રિયોને નિયમમાં રાખી ઉદ્યોગ પરાયણ થએલા મનુષ્યોને આ લોકમાં કે પરલોકમાં કાંઈ પણ ન જાણી શકાય, ન જઈ શકાય, કે ન પામી શકાય એવું છેજ નહીં. પરન્તુ

योजनानां सहस्राणि । व्रजन् याति पिपीलक ः ॥
अगच्छ न वैन तेयोऽपि । पादमेकं न गच्छति ॥

કીડી પણ જો ચાલવા રૂપ ઉદ્યમમાં લાગુ થાય છે તો હજારો યોજનોને ઓળંગી શકે છે. અને ગરૂડ પણ જો કશી હીલચાલ નથી કરતો તો એક પગલું પણ આગળ નથી વધી શકતો. આ સઘળો ઉદ્યમનો પ્રભાવ છે.

દોહરો.

મીઠાં ફળ ધીરજ તણાં, ઉદ્યોગે શું ન થાય ?
ગરીબનો પણ દીકરો, મોટા પદપર જાય.

યુવક મંડળના બંધારણુ વખતે

મી. મોતીલાલનું ભાષણ.

સજ્જનો ! આ સ્થળે આપ સરવેને અત્રે પધારેલા જોઇ મને અનહદ આનંદ થાય છે મીત્રો ! આજનો દિવસ આપણા એકડામાં નોંધાવા યોગ્ય ગણાશે. સબબ એકે આપણે દિર્ધ-દૃષ્ટિથી તપાસ કરીશું તો આપણા એકડાના ઉદયનો આધાર આપણા યુવકોપરજ રહેલો છે અને તે આપ પણ કબુલ કરશોજ.

સજ્જનો ! પુરાતન કાળમાં તે વખતના સંજોગો પ્રમાણે જે ધારા ઘડાયા હશે, તે હાલના આગળ વધતા જમાનામાં ચાલતા રાખવાં તે કોઇ પ્રકારે હીતાવહ નથી.

પ્રીયસજનો ! જેમ જેમ જમાનો આગળ વધે છે. તેમ તેમ આપણે પણ આગળ વધવુંજ જોઇએ એ નિર્વિવાદ છે.

મીત્રો ! આપણે જરા ધ્યાન દઇ વિચારીશું તો આપણા પૂર્વજોની અને આપણી સ્થિતિમાં ઘણોજ ફેર માલમ પડશે, તેઓને ગામડાઓની પેદાશ સારી હતી. અને કપડાં આદીકનો ખર્ચ ઘણોજ કમી હતો. તેઓ સાદી જીંદગી ભોગવતા હતા. તેથી કુદરતિ તેમજ મનથી માની લીધેલી જરૂરીઆતો ઘણીજ થોડી હતી. તેથી તેઓ વારસામાં સારી મીલ્કત અને સધન આવક મુકી શકતા હતા. તેઓને કેટલાક અંતરાય પણ હતા. અને આપણને છુટાપણું છે. તેઓને પર્યટણનું સાધન નહોતું, અને હાલ વીમાનોને વીસરાવે તેવી આગગાડીઓ અને આગબોટો આદીક છે. તેઓને વિદેશીઓનો સહવાસ અને તેમના જોડે વેપારની છુટ નહોતી. અને આપણને છે. તેઓને પ્રદેશગમનનો પ્રતિબંધ હતો. અને હાલ છુટાપણું છે. અને તેનો લાભ આપણી કોમના અન્ય એકડાના યુવકો લે છે. અને કેટલાક લેઇ ચુકયા પણ છે. આ બધા કારણોથી આપણી સ્થિતિ નહીં પણ આપણી દશા કેટલાક વિષયોમાં તેમના કરતાં ઘણી સારી છે. તેનો લાભ આપણે ન લઇએ તો હાથમાં આવેલો લાભ ગુમાવવા જેવું થાય.

સજ્જનો ! આપણા વડીલોને કુદરતી પેદાશ પણ ઘણી સારી હતી. અને નીત્યનો ખર્ચ ઘણોજ કમી હતો. તેથી સારા-માઠા પ્રસંગોમાં તથા મનના ઉત્સાહી તરંગોમાં તે વખતના પ્રમાણમાં ભારી ખર્ચો કરતા હતા. પણ હાલ તો કુદરતી પેદાશ ઘણીજ ઘટી ગઇ છે. અને નીત્યનો ખર્ચ ઘણોજ વધી ગયો છે. એવા વખતમાં આપણને તેવાં ભારે ખર્ચ કરવાં પરવડે તેમ નથી. પણ તે પૈસાનો કેળવણીમાંજ ઉપયોગ થવો જોઇએ.

મહેરબાનો ! આ સંબંધીના કાંઇ પણ ઉપાયો કરવા માટે તથા ખડાયતા મિત્ર માસીકમાં મેં આપેલા ચર્ચાપત્રમાં જણાવેલી બાબતોના વિચાર કરવા માટે અને તે સંબંધી ઠરાવો કરવા માટે આ મંડળની સ્થાપના કરવાનો હેતુ છે.

મુરબ્બીઓ ! મેં આપેલા ચર્ચાપત્રમાં સુધારાના વિષયો પૈકી પહેલો વિષય વિદ્યા વૃદ્ધિનો છે. અને વિદ્યાની તેમજ કેળવણીની જરૂર આપણા એકડામાં, આપણી ન્યાતમાં

ત્રણી કોમમાં, અને સારા ભારત વર્ષમાં છે. શાથી કે પૃથ્વી ઉપરના ઘ
ણા કરતાં આપણા દેશની કેળવણી ઘણીજ પછાત ગણાય છે.

મિત્રો ! સર્વ માન્ય નિયમ છે કે. જ્યાં વિદ્યા ત્યાં હુન્નર. અને જ્યાં છે લક્ષ્મી. જ્યાં તરેહ તરેહના હુન્નરોનો અમલ થાય છે, ત્યાં સર્વ દિશાઓની લક્ષ્મી ખેંચાય છે. એવી સર્વોપરી વિદ્યા મેળવવાના પુરાતન કાળમાં ત્રણ માર્ગ હતા. (૧) કરીને (૨) આપણી વિદ્યા બદલામાં આપીને. (૩) પુષ્કળ ધન આપીને. આ સી એક ચોથો માર્ગ પણ હતો. તે એ કે વિદ્યા ભણાવવાની ફર્જ બ્રાહ્મણોને શીર હતી. અને તેઓની આજીવીકા ચલાવવાની ફરજ રાજાને શીર હતી.

મીત્રો ! હાલમાં તો ફકત પુષ્કળ ધન આપીને વિદ્યા લેવાનો માર્ગજ ખુલ્લો રહ્યો છે. જ્યારે આ માર્ગ ખુલ્લો રહ્યો છે ત્યારે આપણા પાસે પુષ્કળ ધન નથી. અને તેથી આપણે ધનીકોની પેઠે ઉચી કેળવણી લઇ શકતા નથી.

બંધુઓ ! આપણી ઉચી કેળવણીની મહત્વાકાંક્ષાઓ નિરાશ થઇ નિઃશ્વાસ નાંખવાથી પૂરી થવાની નથી. પરંન્તુ આપણા વડીલોએ પોતાની ગૃહસ્થાઇના પ્રમાણમાં પોતાની ફરજ ધારીને ઉત્સાહથી કરેલાં ખરચો પૈકી કેટલાંક બોજારૂપ થઇ પડયાં છે. છતાં ઘટતું કરતા નથી. અને મીથ્યાભિમાનથી ચાલુ રાખ્યાં છે તેવાં અઘટીત ખરચો કમી કરાવીએ. અને બચેલા નાણાંનો સંગ્રહ કરીએ તથા આપણી મોજ શોખમાં પણ અઘટીત વ્યય થતો હોય તે કમી કરીએ અથવા સમુળગે બંધ કરીએ તો આપણને અખુટ ધન ભંડાર પ્રાપ્ત થાય. અને તેના પ્રતાપે આપણે ઉચી કેળવણી લેઇ શકીશું અને ઉચી કેળવણીનો પ્રસાર થશે એટલે બાળ લગ્નાદિક અનિષ્ટ રીવાજો વિના પ્રયત્ને નાબુદ થશે એ નિર્વિવાદ છે.

સ્નેહી સજ્જનો ! મને અનુમાન થાય છે કે આપ મારા વિચારને હશી કાઢશો. અને એમજ ધારશો કે આવાં મહત્વના કાર્યો નિરંતર સુખનાંજ ફળ મળ્યા કરે એવાં બીજ વાવવાનાં કાર્યો બાળકોથી અને યુવકોથી બનેજ કેમ ? પરંતુ આપ નિશ્ચય માનજો કે યુવકો દ્દઢ નિશ્ચયવાળા અને સત્યાગ્રહી થશે ત્યારેજ ઘર કરી બેઠેલા અનિષ્ટ રીવાજો નાબુદ થશે !!! અને ત્યારેજ ચર્ચાપત્રમાં લખ્યા મુજબ આપણે વિદ્યાવૃદ્ધિના, લગ્નની હદ કરાવવાના, બાળ લગ્નો, કજોડાં લગ્નો, અને વૃદ્ધ લગ્નો અટકાવવાના, તથા વિક્રયપર અંકુશ મુકવાના સુધારા પસાર કરાવી શકીશું. તથા પુરૂષે પચીસ વર્ષ સુ અને કન્યાએ સોળ વર્ષની વય સુધી બ્રહ્મચર્ય પાળવાનું ધોરણ તુરતમાં દાખલ નહિ કરાવ શકીએ તો પણ નિદાન કન્યાના લગ્નની વય ૧૩ વર્ષ. અને વરની વય ૧૭ વર્ષની તો કરાવી શકીશુંજ. આટલું કહી હવે આ મંડળના હેતુઓ માટે મારો શું અભીપ્રાય છે તે દર્શાવી બેસવાની રજા લઇશ.

૧ આ મંડળનો હેતુ કોઇ પણ રીતે ન્યાતની ઉન્નતિ થએલી જોવાનો છે. તેટલા માટે જ્હાય તેટલો આત્મભોગ, જ્હાય તેટલો સ્વાર્થ ત્યાગ અને જેટલી ઘટે તેટ નરમાશ રાખવાનો છે.

૨ આ મંડળનું નામ “યુવક મંડળ” રાખવાનું કારણ એજ કે તેમાં ઉત્સાહી કોએજ જોડાવાનું છે. અને તેમણેજ પોતાના ભાવીનાં ઉદયમાટે પોતાનું નકી કરવાનું છે.

શા રહે છે કે આ મંડળમાં દરેકે દરેક ઉછળતા યુવાનો જોડાશે. કોઇ પ્રકારના ધારા બાંધવાની જરૂર રહેશે નહિ. જેમ દરેકે દરેક ઘરેક પોતાનું આંગણું સાફ રાખે તો સુધરાઇની જરૂર રહે નહિ તેમ.

આ મંડળમાં ફક્ત છપામણીખર્ચ, અને પોષ્ટનું તથા કાગળનુંજ ખર્ચ રાખીશું તો મંડળમાં મેમ્બર તરીકે દાખલ થનાર પાસેથી વાર્ષિક એક રૂપીઓ ફી રાખીશું તો નભી શકશે એમ અનુમાન થાય છે.

૫ આ મંડળમાં અત્યારે દાખલ થનારાઓનું એક લીષ્ટ કરવું. અને પાછળથી જોડાનારાઓ માટે મંડળ ઠરાવે તે સેક્રેટરી ઉપર અરજી મોકલવી.

૬ આ મંડળના મેમ્બરોનું લીષ્ટ થયા પછી તેઓની એક કમીટી કરવી. અને તે કમીટી વ્યવસ્થાપકની ચુંટણી કરે.

૭ આ મંડળના હેતુઓનો લાભ ફકત પોતાના એકડાના યુવકોએજ લેવાનો છે. તેથી મેમ્બર તરીકે તો ફક્ત તેઓજ દાખલ થઇ શકશે.

૮ આ મંડળમાં સભાસદ તરીકે જોડાઇ લાભ આપવા લેવાની સર્વને છુટ હોવાથી પોતાના અને અન્ય એકડાના, અથવા અન્ય જ્ઞાતના કોઇ પણ સંભાવીત પુરૂષને અથવા સ્ત્રીને દાખલ થવા છુટ છે. અને તેઓની વાર્ષિક ફી રૂ. ૦–૮–૦ રાખવી. અને જ્યારે જ્યારે આપણી મીટીંગ થાય ત્યારે ત્યારે તેઓને સુચના આપવી એવો મારો મત છે.

૯ આ મંડળની મીટીંગ વખતે કોઇ પણ કુમારીકાઓ, અથવા વિવાહીત બેનો, અને મોટી ઉમ્મરની સ્ત્રીઓને પણ હાજર રહી પોતાના વિચારો પ્રસિદ્ધ કરવાની છુટ આપવી. અને જેના વિચારો યોગ્ય જણાય તેની નોંધ લેવી. એવો મારો મત છે. તે જોડે મળતા થશો એવી આશા છે.

આટલું કહી બેસવાની રજા લઉં છું.

ઘીના વહેપારની ફતેહ.

પ્રતિદીન વધતાં વધતાં હાલમાં લગભગ ૧૧૫ ગામડાંના ભેંસોના માલીકો અમારી દુકાને ઘી વેચવા આવે છે. તે તાજું અને ચોખ્ખું ઘી શારીરિક અને ધાર્મિક ઉન્નતિ ઇચ્છનારા સજ્જનોને ઘણું પસંદ પડયું છે તેથી હમેશાં ઘી મંગાવનારની સંખ્યામાં વધારો થતોજ રહે છે, અને સુરત તથા વડોદરાના વહેપારીઓમાં તો અમારૂં ઘી એટલું બધું જાણીતું થઈ ગયું છે કે તે વી૦ પી૦ ના મારફાથીજ વેચાય છે.

વિઠ્ઠલદાસ જીભાઈ શાહ.

મહેમદાવાદ.

પ્રભુ તમને શું

તમે કેટલા બંગલાઓ
તમે કેટલાં દામ ગાંઠે બાંધ્યા
યાત્રાની તમે કેટલી ત્યાં દુકાનો.
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૧
તમે કેટલી રોજ ચીરોટ ફૂંકી?
તમે કેટલી વાપરી ચ્હાય ભુકી?
તમે ચાવતા કેટલાં રોજ પાનો? પ્રભુ. ૨
કઈ જાતના પ્હેરતા બુટ જોડા?
ઘરે રાખતા કેટલા ગાય ઘોડા?
હતા કેટલા ગાડી ને ગાડીવાનો? પ્રભુ. ૩
તમે કેટલી ભાઇ ભાષા ભણ્યા છો?
બી. એ. એમ. એ. એમ ડી. શું થયા છો?
થયા જે. પી. ઓ, ચાંદ સી. આઇ. ઇનો? પ્રભુ ૪
કઇ જાતનાં બાળતા ધેર લેમ્પો?
કઇ જાતની વાપરી એસ્ટ કેંપો?
બીજો ડ્રેસ કેવો હતો પહેરવાનો? પ્રભુ ૫
તમે કેટલાં વસ્ત્ર ભેગાં કર્યા છે?
કઇ જાતનાં અત્તરો વાપર્યા છે?
તમે વાપર્યા પાન ગુલાબદાનો? પ્રભુ. ૬
તમે કેટલાં નાટકો ખેલ જોયા?
તમે સર્તમાં કેટલાં દામ ખોયા?
લીધો લ્હાવ શું સર્તમાં જીતવાનો? પ્રભુ ૭
ઉનાળે હવા સારૂ કયે ઠામ જાતા?
તમે રેલવેમાં કયો વર્ગ લેતા?
કરી કેટલી મીજબાની જુવાનો? પ્રભુ ૮
મુલાકાત લીધી તમે હોટલોની?
ભાગી ગરદનો કેટલી બોટલોની?
લવેન્ડર અને મેન્ટની શીશીઓની? પ્રભુ. ૯
કેટલું દીનને દાન દીધું?
ઘણું શું તમે હિત કીધું?
આ ભુખ્યા ઇનસાનો?
નક્કી પુછવાનો. ૧૦

નાશ્રી છોટાલાલ મહારાજ.